# ઇન્ફોર્મેશન ટેક્નોલૉજી સેન્ટર

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ – ૩૮૮૧૧૦

## પરિપત્ર

**"આઈ. ટી. હાર્ડવેર અને તેને સંલગ્ન તમામ ડેડસ્ટોક અને/અથવા કન્સ્યુમેબલ પ્રોડક્ટ GEM પોર્ટલ મારફત ખરીદી કરવા આઈ. ટી. સમિતિની રચના કરવા બાબત"**

રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ, તેમજ તે અંતર્ગત સંશોધન નિયામકશ્રીના પત્ર જા.નં આકૃયુ/સં.નિ/ટી.૧/૯૮૬૪/૨૦૧૯ તા.૨૫/૦૧/૨૦૧૯ માં દર્શાવ્યા મુજબ યુનિ. ની તમામ ખરીદી ગવર્મેન્ટ ઈ-માર્કેટ પ્લેસ (GEM)પોર્ટલ પરથી કરવાની રહે છે.

આણંદ કૃષિ યુનિવર્સિટીના વિવિધ યુનિટ/સબયુનિટના કોઈ પણ આઈ. ટી. હાર્ડવેર, સૉફ્ટવેર તેમજ આઈ.ટી. સંલગ્ન જેવીકે ઇન્ટરનેટ, નેટવર્કીંગ, વિડીયો/ફોટો કેમેરા, ડ્રોન, CCTV, હાર્ડ-ડીસ્ક, કેબલ, રેક વગેરે જેવી તમામ ડેડસ્ટોક અને/અથવા કન્સ્યુમેબલ પ્રોડક્ટ નો સમાવેશ થાય છે, તેવી તમામની GEM પોર્ટલ મારફત ખરીદી કરવા નીચે મુજબની આઈ. ટી. સમિતિની રચના કરવામાં આવેલ છે. ઉપરાંત અગાઉ ખરિદેલ કોઈપણ આઈ. ટી. હાર્ડવેર, સૉફ્ટવેર નો AMC (GEM પોર્ટલ મારફત કે તેના સિવાય) કરવાનો હોય તો તે પણ નીચે મુજબની કમીટી મારફત કરવાનો રહેશે.

આઈ. ટી. હાર્ડવેર અને ઈલેક્ટ્રોનિક્સ આઈટમ GEM પોર્ટલ મારફત ખરીદી કરવા આઈ. ટી. સમિતિના સભ્યો :

| ક્રમ | હોદ્દો | કચેરીનું નામ | |
|---|---|---|---|
| ૧. | ડૉ. ધવલ આર. કથિરિયા (નિયામક આઈ. ટી.) | ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર | અધ્યક્ષ |
| ૨. | ડૉ. શીતલ એચ. ભોજાણી (મદદનીશ પ્રાધ્યાપક) | ઇન્ફોર્મેશન ટેકનોલોજી સેન્ટર | સભ્ય |
| ૩. | ડૉ. ડી. કે. પરમાર (મદદનીશ પ્રાધ્યાપક) | કોલેજ ઓફ એ.આઈ.ટી. | સભ્ય |
| ૪. | ડૉ. ક્ષિતિજ શુક્લા (મદદનીશ પ્રાધ્યાપક) | બ. અ. કૃષિ મહાવિદ્યાલય | સભ્ય |
| ૫. | શ્રી. પંકજ પરસાનિયા (મદદનીશ પ્રાધ્યાપક) | કોલેજ ઓફ એફ. પી. ટી. & બી. ઇ. | સભ્ય |
| ૬. | શ્રી દિનેશ દૂધાત (એસ. આર. એ.) | સંશોધન નિયામકશ્રીની કચેરી | સભ્ય |
| ૭. | શ્રી કલ્પેશ પટેલ (મદદનીશ પ્રાધ્યાપક) | કોલેજ ઓફ એ.આઈ.ટી. | સભ્ય સચિવ |

GEM પરથી જે તે પ્રોડક્ટના ગોલ્ડન પેરામેટર દ્વારા L1 પાર્ટી પાસે થી કે 25,000 નીચે "ડાયરેક્ટ પરચેઝ" ખરીદવા કરવાની પદ્ધતિમાં યુનિ. ને અને સરવાળે રાજ્ય/કેન્દ્ર સરકારને આર્થિક નુકસાન થવાની શક્યતાઓ રહે છે. તેમજ જે તે યુનિટ/સબયુનિટ દ્વારા 1500/-, 2000/- 5000/- ની મર્યાદા માં પણ GEM વગર અન્ય લોકલ પાર્ટીઓ પાસેથી પણ ખરીદ કરવામાં થતી અનિયમિતતાઓ પણ યુનિ. હિત માં નિવારી શકાય તે હેતુથી માન. કુલપતિશ્રીની મંજુરી મેળવ્યા બાદ ઉપરોક્ત સમિતિની રચના કરવામાં આવેલ છે.

આથી જે તે મંજૂર થયેલ ઉપરોક્ત જણાવેલ મુજબના આઈ. ટી. હાર્ડવેર, સૉફ્ટવેર ની ખરીદી માટે જ્યારે પણ ગ્રાન્ટ ફાળવણીના હુકમો (કોઈપણ બેજેટ/યોજના સદર) થાય ત્યાર બાદ દિન ૧૫ સુધીમાં માં અત્રેની કચેરીને દરખાસ્ત જરૂરી જસ્ટીફિકેશન સાથે મોકલી આપવાની રહેશે. જેથી કરીને GEM પરથી માત્ર L1 પાર્ટી પાસે થી ખરીદવા કરવાની બદલેની બદલે એક સાથે BID/BoQ કરીને સ્પર્ધાત્મક ભાવો મેળવી શકાય. તે અંગે જરૂરી સ્પેસીફિકેશનની પણ સમીક્ષા કે ફેરફાર જે તે સાધન ની જરૂરીયાત પ્રામાણે કમીટી ભલામણ કરી શકશે.

ઉપરાંત અનિવાર્ય અને/અથવા આકસ્મિક સંજોગો સિવાય જે તે સબંધિત યુનિટ/ સબયુનિટ ના વડાશ્રી ઉપરોક્ત મુજબની ખરીદી અગાઉથી પ્લાન કરવાની રહેશે અને તે અંગેની દરખાસ્ત અત્રેની કચેરીને દર મહિનાની ૧ થી ૧૦ તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે. જેથી કરીને નાણાકીય વર્ષના અંતિમ મહિનાઓમા ( ફેબ્રુઆરી / માર્ચ ) પડતી અગવડતાઓ દૂર કરી શકાય. સદર કમિટી જરૂર જણાશે તો જે તે સબંધિત યુનિટ/ સબયુનિટ ના વડાશ્રી કે જે તે યોજનાના પીઆઇ ને આમંત્રિત સભ્ય તરીકે બોલાવી શકશે.

ઉપરોક્ત તમામ પ્રક્રિયાને અંતે અત્રેની કચેરી દ્વારા તાંત્રિક મંજૂરી આપવામાં આવશે અને જેતે યુનિટ/ સબયુનિટ કક્ષાએથી સક્ષમ અધિકારીશ્રીની ની મંજુરી મેળવવાની રહેશે.

**ઉપરોક્ત પરિપત્ર નોંધ પર માન. કુલપતિશ્રીની મંજુરી મેળવ્યા બાદ જારી કરવામાં આવે છે.**

જા.નં.આકૃયુ/ડીઆઇટી/ ૩૪-૩૯/૨૦૨૨
તા.૧૩/૦૪/૨૦૨૨

(signature)
નિયામક
ઇન્ફોર્મેશન ટેકનોલોજી

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) માન. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.

(૨) માન. સંશોધન નિયામકશ્રીના રહસ્ય સચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ સારૂ.

<u>નકલ રવાના:</u>

(૧) કુલસચિવશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ નમ્ર જાણ તથા ઘટતું કરવા સારૂ.

(૨) સર્વે યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ અમલ સારૂ.

(૩) ઉક્ત સમિતિના તમામ સભ્યોશ્રી તરફ જાણ તથા ઘટતું કરવા સારૂ.

(૪) હિસાબ નિયામકશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ઘટતું કરવા સારૂ.